શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૩૮ • સળંગ અંક : ૮૯ • તા. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૦ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

# સમસ્ત મહાજનની દિવ્યાંગ, ગ્લોબલ કાર્ડ અને સંજીવની પેન્શન યોજનાને મળી રહેલો બહોળો પ્રતિસાદ



હાથ પકડલે અભી તેરા હો સકતા હું મૈ,
ભીડ બહોત હૈ, ઈસ મેલે મેં ખો સકતા હું મૈ...
પીછે છૂટે સાથી મુઝકો યાદ આતે હૈ વર્ના,
ઈસ દોડ મેં સબસે આગે હો સકતા હું મૈ...
ઔર એક માસુમ સા બચ્ચા મુઝ મેં અબતક જિંદા હૈ,
છોટી છોટી બાતો પર રો સકતા હૂ મૈ...

- આલમ ખુરશીદ



નીશિથ આનંદ દંડ


Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# અન્ય ઉપર આધિપત્ય જમાવવું હિંસા છે

માણસ માત્રમાં માલિકી ભાવ ન હોય માત્રા થોડા વતા અંશે રહેતી હોય છે. પ્રેમ હોય ત્યાં માલિકી ભાવ ન હોય પણ જ્યાં હક ધરાવવાની ભાવના હોય, પ્રભુત્વ કરવાની ભાવના હોય એ સુક્ષ્મ રીતે માલિકી ભાવ છે. આધિપત્ય જમાવવાની વાત એટલે માલિકી હકનો ભાવ. સ્વામીત્વ જમાવવાની કામનાએ સ્વાર્થ અને સ્વનો, આગ્રહનો હક દાવો. માલિકી ભાવને લીધે મમત, આગ્રહ જીદ અને સ્વાર્થ જન્મે છે. આગળ જતાં લાલચ, લોભ અને હિંસા સુધી પણ એ ભાવ આગળ જતાં પહોંચે છે. આખરે શું રસ્તો છે આ સ્વાર્થ પ્રભુત્વ જમાવતો માલિકી ભાવને રોકવાનો.

માણસ માલિકી ભાવની કામના ન રાખે તો માણસને જીવવા માટે, સુખેથી રહેવા, સંસારમાં અધિકતર સાધનોની જરૂર પડતી નથી. સંતોષ સુખ આપે છે, ત્યાગ અને તૃપ્તિ જીવને ધરપત આપે છે. ઓછો આગ્રહ અને અધિક સંતોષ એ સુખ રહેવાની કુંચી છે. વધુને વધુ પ્રાપ્ત કરવાની કામના સુખ આપતી નથી. કેટલાક અસંતોષી જીવો સર્વે સાધનો, સગવડ હોવા છતાં આંતરિક ખાલીપાથી છલોછલ હોય છે. કિંમતી સાધનો, મોર્ડન ટેકનોલોજી ધરાવતા આધુનિક ગેજેટ, સંતોષી પરિવાર, મિલનસાર મિત્રો છતાં ચિતમાં ચેન હોતો નથી. ઉચક જીવે તેનું જીવન વીતે છે. બધુ હોવા છતાં અંદરો અંદર અસુખ અનુભવતો હોય છે. તો કેટલાય જણ કશુંય ન હોવા છતાં મોજ મજાથી, પ્રફુલ્લિત થઈ પ્રસન્નતાથી જીવે છે. સુખ-સગવડના સાધનો, કિંમતી જણસો પોતાના સુખ, સગવડ માટે ભેગી કરે છે પણ અંદરના ખાલીપાને ભરી શકતા નથી.

કોઈપણ વસ્તુ અને કોઈ પણ વ્યક્તિ પ્રત્યે માલિકી ન મળે તો તે મેળવી લેવાની તેને યેનકેન પ્રકરણે તાબે કરી લેવાની ભાવના કે લાલસા તીવ્ર જાગે છે. આ ભાવ ન જાગે, ત્યાગના ભાવ જાગે, એના વિના ચાલી જાય એવો આંતરિક સંતોષ થાયે એ માટે જૈન ધર્મનો શબ્દ છે અપરિગ્રહ. સંગ્રહ કે સ્વીકાર ન કરવો, પરિગ્રહ ન રાખવો, મોહ, માયા, માલમતાના માયામાં લપેટાયા વિના તેનો શુધ્ધ ભાવે સ્વચ્છ સંતોષી મને અસ્વીકાર કષરવો.

બીજાને દુભાવી તેની પર હકુમત કરવી એ હિંસા છે. ચીજ વસ્તુ કે પાલતુ જાનવરો પર ગમે તેમ અંકુશ જમાવવો તેની પર આધિપત્ય જમાવવો, હક મુખત્યાર જમાવવો તે માણસ માત્રનો સ્વભાવ છે. નબળા ને દબાવી, રંકજનોની ઉપર પ્રભાવ પાડી તેની ઉપર ઉપકાર બતાવીને નીચો દેખાડીને તાબે કરવાની કોશિષ કરવી એ પણ એક પ્રકારની હિંસા છે. નસીબ જોગે કોઈ ચીજ-વસ્તુ કે કોઈ હક દાવે માલ મિલ્કત મળે તો પણ એ જલદી છિનવાઈ ન જાય એ માટે ફાંફાં મારે છે. જે આગળ જતાં માલિકી ભાવની જિજીવિષા તીવ્ર બનતી જાય છે જે આગળ જતાં કોઈપણ પાપકર્મ કરતા પાછળ નથી હટતો. બીજાઓની ઉપર માલિકી ભાવ જમાવવાનો ભાવ આખરે દુઃખનો દલદલ સર્જે છે. અન્ય ઉપર અધિકાર જમાવવો, આધિપત્ય ભોગવવો એ એક જાતની હિંસા છે, જીવ પરનો અત્યાચાર છે, સુક્ષ્મ રીતે પાપાચાર છે. માટે દ્રષ્ટિ બદલીએ હમેશ માટે વિચાર બદલીએ અને વ્યાપક અર્થમાં સુખ, સંતોષ અને મન મુક્તિનો આનંદ માણીએ.

– જય જ્ઞાતિમૈયા

# સમસ્ત મહાજનની દિવ્યાંગ, ગ્લોબલ કાર્ડ અને સંજીવની પેન્શન યોજનાને મળી રહેલો બહોળો પ્રતિસાદ









સમસ્ત મહાજન દ્વારા વર્તમાન સમયમાં જેની અતિશય જરૂરત છે એવી દિવ્યાંગ પાલક અને દિવ્યાંગ શક્તિ યોજના, આધુનિક યુગમાં માર્કેટીંગ દ્વારા ડિસ્કાઉન્ટનો લાભ આપની ગ્લોબલ કાર્ડ યોજના અને જરૂરિયાતમંદ લોકોને મેડિકલ સારવાર સમયે રાહત આપતી સંજીવની પેન્શન યોજનાને જ્ઞાતિજનો તરફથી ઉત્તમ પ્રતિસાદ મળી રહ્યો છે.

સમસ્ત મહાજનના પદાધિકારીઓ અને ઉત્સાહી કાર્યકરો પણ આ બધી યોજનાઓ અંગે જ્ઞાતિજનોમાં જાગૃતિ આણવા તનતોડ પ્રયત્નો કરી રહ્યા છે. શ્રી કે.ડી.ઓ. સ્ટુડન્ટ્સ એસોસીએશન દ્વારા તા.૨૯ ફેબ્રુઆરીના કાંજુરમાર્ગના અનંતનાથજી કોમ્પલેક્સ ગ્રાઉન્ડમાં યોજાયેલા નૈતિક નાગડાના કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત હતા ત્યારે સમસ્ત મહાજન દ્વારા દિવ્યાંગ, ગ્લોબલ કાર્ડ અને સંજીવની પેન્શન યોજના માટેના સ્ટોલ્સ લગાવી અનેક જ્ઞાતિજનોને આ યોજનાઓની વિગતવાર માહિતી આપી યોજનાઓનું પ્રમોશન કર્યુ હતું. જ્ઞાતિજનોએ પણ વિશાળ સંખ્યામાં આ પ્રમોશનલ એક્ટીવીટીનો લાભ લીધો હતો.

આ ઉપરાંત આ યોજનાઓ અંગે જાગૃતિ આણવા ગામડે ગામડે તેમજ ડોંબિવલી, મુલુંડ, ઘાટકોપર જેવા પરાઓમાં કોર્નર મિટીંગો કરીને આ યોજનાઓની જાણકારી આપવામાં આવી રહી છે.


















## સમસ્ત મહાજનની દિવ્યાંગ, ગ્લોબલ કાર્ડ અને સંજીવની પેન્શન યોજનાને મળી રહેલો બહોળો પ્રતિસાદ










આ ઉપરાંત જ્ઞાતિજનોમાં અંગદાન અંગે જાગૃતિ માટે અને વધુમાં વધુ જ્ઞાતિજનો આ અભિયાનમાં જોડાય તે માટે સમસ્ત મહાજન દ્વારા તા.૩ એપ્રિલ ૨૦૨૦ના રાત્રે મુલુંડ(વેસ્ટ)ના કાલિદાસ સભાગૃહમાં મુંબઈના નામાંકિત ડૉક્ટરો દ્વારા અંગદાન (ઓર્ગન ડોનેશન)નું મહત્વ સમજાવતા નાટક 'મહાદાન' નાટક ભજવવામાં આવશે. અંગદાનની પ્રવૃતિ અંગે જાગૃતિ ફેલાવવા સમસ્ત મહાજનના કાર્યકરો જ્ઞાતિજનોના ઘરેઘર જઈ આ અંગે માહિતી આપી ફોર્મ ભરાવી રહ્યા છે.

# માનવતાના મુલ્યને ચરિતાર્થ કરતું અંગદાનનું મહત્વ સમજીએ

આપણને મહામૂલ્ય માનવ અવતાર મળ્યો છે તે માટે આપણે પરમાત્માના ઉપકારી છીએ કે આપણને આવો મનુષ્ય અવતાર મળ્યો છે. ચાલો આપણે આ મનુષ્ય અવતારને સાકાર કરીએ.

સમસ્ત મહાજન દ્વારા એક એવા અનોખા નાટકનું પ્રસારણ કરવામાં આવશે જેમાં આપણા શરીરમાં આવેલ અવયવોનું ઉપયોગિતા બાબતમાં વિશેષ જ્ઞાન આપવામાં આવશે.

જેનું જન્મ થયું છે તેનું મૃત્યુ નક્કી જ છે

પણ જો કોઈ વ્યક્તિ અકાળે મૃત્યુ પામે ત્યારે એના શરીરમાં આવેલ દરેકે દરેક ઓર્ગનનું એ દાન આપી અન્યને જીવનદાન આપી શકે છે

આપણી સંસ્થા શુક્રવાર તા.૩ એપ્રિલ ૨૦૨૦ના રાત્રે મહાકવિ કાલિદાસ નાટ્યમંદિર મુલુંડ(વેસ્ટ) ખાતે મુંબઈના નામાંકિત ડૉક્ટરો દ્વારા અભિનિત આ 'મહાદાન' નાટક દ્વારા આપણને દરેકે દરેક ઓર્ગનનું ઈમ્પોર્ટન્સ સમજાવશે અને તે કેવી રીતે ડોનેટ કરી શકાય તે બાબતની વિશેષ સમજ આપશે.

આપને ફક્ત ઓર્ગન ડોનેશન દાનનું ફોર્મ ભરી ઓર્ગન ડોનેશન દાનની યાદીમાં આપનું નામ રજીસ્ટર કરાવવાનું છે. આપ આપના નજીકના સમસ્ત મહાસમિતિના સભ્યોનો સંપર્ક સાધી આ ફોર્મ ભરો અને ઓર્ગન ડોનેશન કાર્ડ મેળવી લો અને આપનું જીવન સાકાર કરો.

## અનોખું દાન કરીએ

આપણે આપણું શરીર બીજાને કેમ ઉપયોગમાં આવે ને કોઈને નવું જીવન મળે એ વિચારી આ અનોખું દાન કરીએ.

મારું નામ, મારા નામની તકતી લાગવી જોઈએ કે મે આટલું દાન કર્યું આપ્યું પણ આ અનોખું દાન કરીએ એમ કદી વિચારતા નથી

અનોખું દાન કરો, અનોખું દાન કરો
કરે એક દાન બીજાને મળે જીવન દાન
ન કોઈ જાણે એકબીજાને છતા કરે દાન
આ જેણે કર્યું કરાવ્યું, અનુમોદના કરીએ
આ અનોખું દાન કરીએ.
દાતાને ન લાગે કોડી દામ
મેળવનાર ને પણ મળે નવું જીવન
એવી છે આ દાનની શાન
કરો કરો આ અનુમોદન કરો
આ અનોખું દાન કરીએ.
પ્રભુ ચરણમાં નમ્ર પ્રાર્થના કરીએ
મળે સૌને જીવનભર અન્નદાન
જીવન જીવતાં કરો રક્તદાન
મરયા પછી કરો ત્વચાદાન, દ્રષ્ટિદાન, દેહદાન, જ્ઞાનદાન
દાન કો દાન કરો આ અનોખું દાન કરો
આ અનોખું દાન કરીએ
સર્વ જીવોને 'મિચ્છામિ દુક્કડમ'



– જસ્મીન જયંત છેડા

શ્રી અનંતનાથાય નમઃ

KDO

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

આયોજીત

# "મહાદાન"

આવો એક થઈએ
સમાજ આગળ ધપાવીએ

**સમસ્ત મહાજન**
મહાજન • મહાસમિતિ • એકમ

**આવો એક થઈએ**
**સમાજ આગળ ધપાવીએ...**

માનવ દેહ એટલે કુદરતનું અદ્‌ભુત સર્જન!
આપણા દેહનું એક અક અંગ સતત ધબક્તું રાખે છે જીવન. કુદરતના આ કરિશ્માની સાથોસાથ, આધુનિકવિજ્ઞાનનો પણ એ ચમત્કાર છે કે એક દેહના મૃત્યુ પછી પણ, તેનાં અંગોનું બીજા દેહમાં પ્રત્યારોપણ થઈ શકે છે. એટલે જ આજના સમયનું સર્વોત્તમ, સર્વશ્રેષ્ઠ મહાદાન છે અંગદાન.
એટલે જ **શ્રી સમસ્ત મહાજને એક મહાઅભિયાન આદર્યું છે**

## મહાદાન – અંગદાન

આપણે સૌ 3, એપ્રિલના દિવસે મુંબઈમાં વિશાળ સંખ્યામાં એકઠા થઈશું, મહાદાન વિશેની એક અનોખી નાટ્ય પ્રસ્તુતિ માણીશું. સાથોસાથ **શ્રી સમસ્ત મહાજનની** સમાજલક્ષી વિવિધ સમિતીઓની યોજનાઓ અને તેની સફળતાની જાણકારી મેળવીશું. વિવિધ સમિતીઓની યોજના અને મહાદાન મહાઅભિયાન કાર્યક્રમમાં સહભાગી થવા તથા **શ્રી સમસ્ત મહાજનની** આ પ્રેરણાદાયી પહેલને પ્રોત્સાહિત કરવા સમાજસેવામાં આપનું આર્થિક યોગદાન આપવા
સાદર નિમંત્રણ!

**આવો એક થઈ, સમાજ આગળ ધપાવીએ...!**

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - **સમગ્ર ટ્રસ્ટીશ્રી**

"મહાદાન"

| Schemes | | Donation | Tickets | Schemes | Donation | Tickets |
|---|---|---|---|---|---|---|
| GLOBAL CARD | | | | SANJIVANI PATRON | | |
| Platinum | Donor | Rs. 5,00,000 | 6 | Diamond | Rs. 2,00,000 | 5 |
| Gold | Donor | Rs. 3,00,000 | 5 | Platinum | Rs. 1,00,000 | 4 |
| Silver | Donor | Rs. 1,00,000 | 4 | Gold | Rs. 50,000 | 3 |
| Bronze | Donor | Rs. 10,000 | 2 | Silver | Rs. 25,000 | 2 |
| DIVYANG SHAKTI | | | | NORMAL DONOR | | |
| DIVYANG PATRON | | Rs. 50,000 & Above | 4 | | Rs. 2,000 | 1 |
| DIVYANG PALAK (Minimum one year) | | Rs. 4,000 Per Month | | | | |

**General Enquiry**

Smt. Sheetal Dhulla - 9099041414
Shri Manish Lodaya - 7506070851

**Bank Details**

| | |
|---|---|
| A/C Name | : Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan |
| Bank | : Dena Bank, Branch - Mulund (West) |
| Account Type | : Saving |
| A/C.No. | : 009410031785 |
| IFSC code | : BKDN0460094 |

**Well Wisher**

| | | |
|---|---|---|
| Shri KDO Jain Dakshin Bharat Ekkam | Shri Poonamchand Dharamshi | 9980502550 |
| Shri KDO Jain Paschim Ekkam | Shri Tilakchandra Khona | 98250 94579 |
| Shri KDO Jain Kutcch Ekkam | Shri Mahesh Lalka | 98252 87555 |
| Shri KDO jain Maharashtra Ekkam | Shri Tilokchand N. Dand | 93714 67232 |
| Shri KDO jain Uttar Bharat Ekkam | Shri Chandresh V. Shah (Chheda) | 94252 13540 |

**Specific Scheme Details / Donations:**

| | | |
|---|---|---|
| KDO Global Card | Shri Kumarbhai Dand | 9920935414 |
| Sanjivani | Smt. Manisha Shah | 9869576527 |
| Divyang Shakti | Smt. Shilpa Ajani | 9821113338 |
| Media | Shri Jayantbhai Chheda | 9322257731 |
| Swabhiman | Smt. Hema Chheda | 9844044428 |
| Education | Shri Kamleshbhai Dand | 9825042208 |
| Yuva shakti | Shri Tejas Khona | 8097466424 |

# સાંયરામાં સ્વચ્છતા અભિયાન તથા સાંયરા સુશોભિત કાર્યો હાથ ધરાયા

## સાંસદ-ધારાસભ્ય-પૂર્વ રાજ્યમંત્રી ઉપસ્થિત રહ્યા





અબડાસા તાલુકાના સાંયરા ગામે જિનાલયની ૧૪૨મી વર્ષગાંઠ નિમિત્તે ત્રિયાન્હિકા મહોત્સવ પ.પૂ.સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મ.સા. આદિઠાણાની શુભપાવન નિશ્રામાં ઉજવાઈ રહેલ છે. મહોત્સવનું દ્વિતીય દિવસે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમમાં ગામના દરેક લોકો હોંશભેર જોડાયા હતા. સુવિચારો, બેનરોથી ગામને સુશોભિત બનાવવામાં આવ્યું હતું. ગામના સ્થળોને રંગરોગણથી આકર્ષિત બનાવવામાં આવ્યા છે. સ્વચ્છતા અભિયાન રેલી આખા ગામમાં ફરી વળી હતી.

માતુશ્રી સંઘમાતા દમયંતિબેન રતનશી લોડાયા પરિવાર નિર્મિત બસ સ્ટેશન તથા માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ પરિવાર નિર્મિત મેહેર શીતલ જલ ધારા પરબ પરિવારજનો તથા સાંસદ વિનોદભાઈ ચાવડા, પૂર્વ રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડા, શ્રેષ્ઠીવર્ય તરૂણભાઈ લોડાયા તથા ભદ્રેશભાઈ પટેલના વરદ્‌ હસ્તે ખુલ્લા મુકવામાં આવેલ.

અભિવાદન સમારોહનું અતિથિ વિશેષ પદ કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, પૂર્વ રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડા, અબડાસા વિસ્તારના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, શ્રેષ્ઠીવર્ય તરૂણભાઈ લોડાયા, ભદ્રેશભાઈ પટેલ, ઇકબાલભાઈ મંધરા, શાંતિલાલભાઈ લોડાયા, પ્રબોધ મુનવર, હેમુભા સોઢા, જયુભા જાડેજા, હાસમમંધરા, નુરમામદ મંધરા, તુલસીગર ગુસાઈ, ઈસ્માઈલભાઈ મંધરાએ શોભાવ્યું હતું.

પ્રારંભે નવકાર મહામંત્ર બાદ સ્વાગત પ્રવચન ભદ્રેશ પટેલે કરેલ. ક.દ.ઓ.સાંયરા જૈન મહાજન, સાયંરા વિકાસ મંડળ, સાંયરા યુથ ફોરમ, સાંયરા સહિયર ગ્રુપ દ્વારા અતિથિઓ તથા દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવેલ.

આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, ગામડાઓને ધબકતા કરવા અને એના વિકાસનું મોડલ ગુજરાત બન્યું છે. દોઢ દાયકામાં કચ્છ અને ગુજરાતમાં અનેક કાર્યો થયા છે. મુંબઈ-દેશાવર વસતા સાંયરા ગામવાસીઓનું આત્મા સાંયરા ગામથી જોડાયેલું છે. સાંયરા ગામને સ્વચ્છ-હરિયાળું-સુશોભિત બનાવનાર શ્રેષ્ઠીવર્યોને તેઓશ્રીએ અભિનંદન આપ્યા હતા. પૂર્વ રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતું કે, દેહરૂપી ઉજાસ ક્યાંથી આવ્યો અને ક્યાં જશે તેની કોઈને ખબર નથી. આ દેહમાં શ્વાસરૂપી પ્રકાશ છે ત્યાં સુધી કામ કરતા રહીએ સાંયરા ગામવાસીઓ દ્વારા હાથ ધરવામાં આવેલ. સાંયરા ગામવિકાસ કાર્યોને બિરદાવ્યા હતા.

ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, નર્મદાનું પાણી કચ્છના ગામો ગામ પહોંચે. નર્મદાના ઓવરફલો થતાં પાણીથી કચ્છના ડેમો તળાવો ભરી શકાય. દુષ્કાળમાં પણ કચ્છીમાડુઓ કચ્છને મદદ કરતા રહ્યા છે. સાંયરા ગામવિકાસ ક્ષેત્રે આગળ ધપી રહ્યું છે ત્યારે ગામના સખી દાતાઓની અંતરની ભાવનાઓને બિરદાવું છું.

કાર્યક્રમનું સંચાલન ઉત્તમ મોમાયાએ જ્યારે આભાર દર્શન રતિલાલ ધ્રોળે કરેલ. સર્વે કાર્યકર ભાઈ-બહેનોએ વ્યવસ્થામાં સહકાર આપ્યો હતો. ત્રિદિવસીય સાધર્મિક-ભક્તનો લાભ માતુશ્રી મણીબાઈ ખેતશી લધાભાઈ મોમાયા પરિવારે લીધેલ.

શ્રેષ્ઠીવર્ય તરૂણભાઈ લોડાયા, શાંતિલાલભાઈ લોડાયા, ભદ્રેશભાઈ પટેલની અંતરની ભાવનાઓને બિરદાવવામાં આવેલ. સાંયરામાં રમત-ગમત સંકુલ ઉભું કરવાની પહેલને દાતાશ્રી પરિવારો તથા ગામવાસીઓ દ્વારા કરવામાં આવેલ.

સાંયરા આખા ગામનું ધુઆ બંધ જમણ યોજાયું હતું. ગામની પ્રાથમિક શાળાએ પણ સહકાર આપ્યો હતો. સાંસદ શ્રીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

# બડગરા સંઘમાં ધ્વજા મહોત્સવ નિમિત્તે ધર્મ આરાધનાઓ થઈ













કેરાલા પ્રદેશના બડગરા સંઘમાં દેરાસરની ૨૧મી વર્ષગાંઠ પ્રસંગે વિધિકાર ભરતભાઈ બોરીચાના સુર સંગીતના સથવારે ઉત્સાહભેર ધ્વજા મહોત્સવ ઉજવાયેલ.

બુધવાર તા.૨૬ ફેબ્રુઆરીના રાતના ૮.૩૦ કલાકે દેવીશ્રી મહાકાલી માતાની ભાવના ભણાવવામાં આવી. ત્યારબાદ વિમલનાથ ભગવાન તથા અનંતનાથજી ભગવાન ધજા ચડાવવાનું ઘૃત બોલાવામાં આવ્યું.

તા.૨૭ ફેબ્રુઆરી ગુરૂવારના દિને સવારે ૮ કલાકે સ્નાત્ર પૂજા, બપોરના ૨ કલાકે અઢાર અભિષેક થયા રાતના ૯ કલાકે ભક્તિ ભાવના ભણાવવામાં આવી સાથે પ્રભુજીની પહેલી પૂજાનો ઘૃત ચડાવા બોલાવવામાં આવ્યા.

શુક્રવાર તા.૨૮ ફેબ્રુઆરીના સવારે ૮ કલાકે સ્નાત્રપૂજા ત્યારબાદ સતરભેદી પૂજા ભણાવવામાં આવી. નવમી પૂજા દરમ્યાન ધ્વજારોહણ વિધિ થઈ. ત્યારબાદ ઉપસ્થિત સૌ સ્વામી વાત્સલ્યનો લાભ લીધો. આમ સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓની ઉત્સાહભેર સહભાગથી બડગરા જૈન ટેમ્પલ દ્વારા ૨૨મો ધ્વજા રોહણ મહોત્સવ ભવ્યતાથી થયો.

# અમદાવાદ મધે સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ, મેમ્બરોએ સ્થાનિક મહાજન સાથે મીટિંગ કરી






તા.૨૨ ફેબ્રુઆરી શનિવાર રોજ શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનના ટ્રસ્ટીઓ, મેમ્બરોએ અમદાવાદ મહાજનના સભ્યો સાથે મીટિંગ કરી અને સૌ સાથે મળીને તા.૩ એપ્રિલના મુંબઈ મુલુંડ ખાતે કવિ કાલિદાસ નાટ્યગૃહમાં 'મહાદાન'ની રજૂઆત કરાશે એ વિષે શ્રી કચ્છી જૈન સેવા સમાજ હોસ્પિટલ અમદાવાદની મુલાકાત લીધી. હોસ્પિટલના વિવિધ સેક્શનની મુલાકાત લઈ માહિતી મેળવી હતી.


















# સાંયરા મહાતીર્થે જિનાલયનો ૧૪૨મો ધ્વજા મહોત્સવ ઉજવાયો







કચ્છના અબડાસા વિસ્તારના મોટી પંચતીર્થીના સેન્ટર ગણાતા સાંયરા મહાતીર્થેમાં તા.૨૬ ફેબ્રુઆરી બુધવાર દિને જિનાલયનો ૧૪૨મો ધ્વજા મહોત્સવ રંગચંગે ઉજવાયો. આ મહોત્સવ પ.પૂ.સા.ભ.શ્રી હંસાવલી શ્રીજી મ.સા. આદિ ઠાણાના પાવનકારી નિશ્રામાં વિધિકાર કેવલ સાવલાના સંગાથે ધાર્મિક આરાધનાઓ કરી સકળ સંઘના શ્રાવક, શ્રાવિકાઓ અને બહારગામ તેમજ સ્થાનિક સંઘના અગ્રણીઓની સાથે થયો.









# વર્ધમાન નગર ભુજોડી મધે પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા.નું ભવ્ય સામૈયું કરાયું



તા.૨૮ ફેબ્રુઆરી શુક્રવાર સવારે ૭.૩૦ કલાકે વર્ધમાન નગર ભુજોડી કચ્છ નગરે શ્રીવિમલનાથ દાદાના દેરાસરની ધ્વજા રોહણ મહોત્સવની નિશ્રા માટે પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા. પધાર્યા ત્યારે સંઘ દ્વારા તેમનું ભવ્ય સામૈયું કરાયું. ઢોળ નગારાના તાલે વાજતે ગાજતે પૂજ્યશ્રીનું સામૈયું સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓના ઉમળકાભેર ઉપસ્થિત સાથે કરાયું.



# મોતિયાના ઓપરેશન વિનામુલ્યે

રીલાયન્સ ફાઉન્ડેશન સંચાલિત હરકીશનદાસ હૉસ્પિટલ, પ્રાર્થના સમાજમાં મહિલાઓના (૬૦ વર્ષની ઉપરના) વિનામૂલ્યે મોતિયાના (કેટરેક્ટના) ઓપરેશન માટે સંપર્ક : માનવજ્યોત ડૉ.ખોના/કે.સી.લુઠીયા - ૯૮૨૦૦૩૯૪૬૯. ૩૧ માર્ચ ૨૦૨૦ સુધી સ્કીમ ચાલુ છે.

# વડોદરામાં પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્ર સાગરસૂરીશ્વરજીનો ભવ્ય સામૈયું

પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કવિન્દ્ર સાગરસુરીશ્વરજી મ.સા. આદી ઠાણા-૨ સોમવાર તા.૨૪-૨-૨૦૨૦ ના શ્રી કે.ડી.ઓ.જૈન સમાજ વડોદરામાં પધાર્યા હતા સવારે સાડા સાત વાગ્યે કલાવતી હોસ્પિટલ સામેથી પૂ. શ્રી નું વાજતે ગાજતે સામૈયુ કરવામા આવ્યું.

સામેયામા બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો પધાર્યા હતા. પૂ. શ્રી ના વ્યાખ્યાન બાદ સર્વે એ સંઘ નવકારશીનો લાભ લીધો. દરેકનુ રૂા.૫૦ નું સંઘપૂજન કરવામાં આવ્યુ.

# અજીતનાથજી જિનાલય માંડવીની ૧૩૯મી વર્ષગાંઠ

શ્રી અજીતનાથજી પ્રભુજી જૈન જિનાલયની ૧૩૯મી વર્ષગાંઠ ઉજવણી પ.પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા. તથા પૂ.સા.શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદિઠાણા-૪ની પાવનકારી શુભ પાવન નિશ્રામાં કરવામાં આવેલ. સત્તરભેદી પૂજા બાદ જિનાલયના શ્વેત શિખરો ઉપર ધ્વજારોહણ કરવામાં આવેલ.

પ્રેમચંદ મોમાયાએ ધાર્મિક નારાઓ બોલાવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે, આભાર દર્શન ભદ્રીકભાઈ મૈશેરીએ કરેલ. વ્યવસ્થામાં તિલક ડાઘા, કૃણાલ ડાઘા, વિનય મૈશેરી હીરેન ધરમશી તથા સર્વે કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

# ચાલીસગામમાં નવ દીક્ષિત સા.શ્રી માર્ગદર્શિતાશ્રીજીની વડી દીક્ષા

મહારાષ્ટ્રના ખાનદેશ પ્રાંતના ચાલીસગામ સંઘમાં નવ દીક્ષિત સા.શ્રીમાર્ગદર્શિતાશ્રીજીના વડી દીક્ષા જિન શાસન શિરોમણિ તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની આજ્ઞાથી આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના વરદ હસ્તે બુધવાર તા.૪ માર્ચના રોજે સવારે ૬.૩૫ કલાકે શરૂ થશે.

અન્ય ત્રણ સાધુસાધ્વીજી ભગવંતોના શ્રી ઉતરાધ્યન સત્રના મોટા જોગ ચાલુ હોવાથી ઉપરોક્ત પ.પૂ.આ.ભ.ની સ્થિરતા તા.૨૩ માર્ચ ફાગણ અમાસ સુધી ચાલીસગામ સંઘમાં રહેશે.

ત્યાર બાદ પૂજ્યશ્રી ધુલિયા થઈને બલસાણા તીર્થ તરફ વિહાર કરશે. બલસાણામાં દસેક દિવસની સ્થિરતા ડોંડાઈચામાં વૈશાખ સુદી ૭ના જિનાલયમાં ધ્વજારોહણ પ્રસંગે નિશ્રા આપશે.

# ટી.વી. રિપોર્ટીંગ માટે ENBA એવોર્ડ મળ્યો ઉર્વશી ખોનાને

ન્યૂઝ એક્સ ટીવી ચેનલ માટે દિલ્હીમાં ઉત્કૃષ્ટ રિપોર્ટીંગ કરવા બદલ ગામ જખૌના ઉર્વશી લીલાબેન સનત ખોનાને પ્રતિષ્ઠિત ENBA એવોર્ડથી સન્માનિત કરાયા.




## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# વડોદરામાં શ્રી સચ્ચા માની સમૂહ પહેડીનું આયોજન કરાયું





વડોદરામા વસતા શ્રી સચ્ચા મા ના ભાવિકો સળંગ ૨૬ વરસથી મા ની સમૂહ પહેડીનું આયોજન કરે છે. આ વરસે ૨૭ મી પહેડી તા.૯-૨- ૨૦૨૦ ને રવિવારના અચલગચ્છ જૈન ભવનમાં ઉજવવામાં આવી.

પહેડીના દાતાનો લાભ માતુશ્રી જયાબેન નેમચંદ ખીમજી ગડા પરિવાર લાયજા વડોદરા એ લીધો.

સવારે સાડા નવ વાગ્યે વાજતે ગાજતે માતાજીની શોભાયાત્રા બાદ માતાજીની પધરામણી ધૂન, જુવાર, શ્રીફળ, ગરબા, આરતી બાદ પહેડીમાં પધારેલ. ૪૫૦ ભાવિકો નિયાણી બહેનો અને આમંત્રિત મહેમાનો એ મા ના પ્રસાદનો લાભ લીધો. પહેડીમાં પધારેલ ભાવિકો નિયાણી બહેનો અને આમંત્રિત મહેમાનોને દાતા પરિવાર તરફથી ઘર દીઠ લહાણી આપવામાં આવી

માતાજીની ધૂન-ગરબામાં તૃપ્તિ શાહ એ રમઝટ જમાવી.

પહેડીનુ સંપૂર્ણ આયોજન અને સંચાલન કિશોર ધુલ્લા, ધનજી ગડા, ખુશાલ ગડા, હસમુખ ગડા, દિલીપ ગડા અને અનિલ ગડા એ કર્યુ.


જ્ઞાતિમૈયા માં

આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

અથવા વોટસએપ પર મોકલો

9769991922

9820302853

9322257731

VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY

મેહંદી ના ઓર્ડર પર લઈ જવા માં આવશે.

CERTIFICATE COURSE

All Types of Mehendi & Personality Development

40 Years Experience in Mehendi

- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait

Etc.

Special Discount KDO



BATCH IS STARTING FROM 2ND JAN2019

For Inquiry & Admission Time : 11 am to 4 pm

Working Women's Special Batch on Sunday

OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.

Add : 52,Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station,
Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com

Special Discount For S.S.C

We also book bridal & party orders

www.veenabollywoodmehendi.com

# નૂતન નારી ગ્રુપ દ્વારા મહિલા દિન નિમિત્તે ડોંબિવલીમાં મહિલાઓ માટે ખાસ કાર્યક્રમ

નૂતન નારી ગ્રુપ દ્વારા ખાસ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે તા.૧૧ માર્ચ બુધવાર રોજ બપોરે ૩ થી ૮ દરમ્યાન રોટરી સભાગૃહ, ડોંબિવલી (ઈસ્ટ) મધ્યે જ્ઞાતિની મહિલાઓ માટે ખાસ કાર્યક્રમનું આયોજન કરાયું છે. લિમીટેડ એન્ટ્રીઓ લેવાની હોવાથી નોન રીફંડેબલ ફી રૂા.૧૦૦ (એકસો) ભરી ભાવના મોમાયા-૯૧૪૬૯૨૬૩૫૩ તથા મનિષા મોમાયા-૯૮૩૩૭૩૨૩૪૫ પાસે નામ નોંધાવી લેવા. માહિતી અઢળક મનોરંજન સાથે ઈનામોની વણઝાર સાથે સરપ્રાઈઝ ગેમનો આનંદ પણ ખરો.

## કેડીઓ મંડળ ડોંબિવલી દ્વારા અસાધ્ય રોગોના ઉપચાર શિબિરનું આયોજન

શ્રી કેડીઓ મંડળ ડોંબિવલી દ્વારા અસાધ્ય રોગોની ઉપચાર શિબિરનું આયોજન તા.૧ માર્ચ રવિવારથી તા.૬ માર્ચ શુક્રવાર સુધી સમય ૯ થી ૧ તથા બપોરે ૩ થી સાંજે ૭ સુધી ધનંજય એપાર્ટમેન્ટ, ભોંયતળિયે. ડૉ.રાજેન્દ્ર પ્રસાદ રોડ, ડોંબિવલી (પૂર્વ) મધ્યે કરાયું છે.

એક્યુપંચર વિશેષજ્ઞ છત્રપતિ નરશી દંડ (વરાડીયા) સાથે નામાંકિત ડોક્ટર એસ.એલ.લોહિયા, સચીન લોહિયા તથા ધીરેન્દ્ર શાહ ગળા, કમર, ઘૂંટણ દર્દ તથા સુગરનો ઉપચાર સાથે માર્ગદર્શન કરશે. રજીસ્ટ્રેશન ફી રૂા.૨૦૦ વ્યક્તિ દીઠ ૬ દિવસ માટે રખાઈ છે. નામ નોંધણી માટે ૯૮૨૦૧૦૫૦૭૮ ઉપર સંપર્ક કરવો.





*Diamond manufactrers,*
*exporter's & importer's*
*Exclusive designer jewellery*
*Dealing with EF VVS quality*
*Own manufacturing unit in mumbai & chennai*

LIFE MEMBER




6, 5th Floor, Crown Court Building, 128, Cathedral Road,
Chennai - 600 086. Tel.: +91 44 4314 1444 / 1555
www.shubhdiamonds.com

## –: શુભેચ્છા સહ :–

## માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

## (ગામ–સાયરા)



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છ જિલ્લા પેન્શનર્સ એસોસિએશન દ્વારા 'પેન્શન ડે'ની ઉજવણી કરાઈ. પ્રખર વક્તા પ્રફુલભાઈ તથા હરેશભાઈ 'પેન્શન ડે' શા માટે? સ્થાપના કયારે થઈ તથા પેન્શનરોને મૂંઝવતા કઠિન પ્રશ્નોની છણાવટ કરી પેન્શનરોને મળતા લાભાલાભ વિશે પ્રશ્નોત્તરી કરી બાદ જવાબો આપી જાણકારી આપી હતી. કાર્યક્રમમાં ૨૦૦ જેટલા પેન્શનએ ભાઈ બહેનોની હાજરી રહી હતી.

● ગૃહ ઉદ્યોગ અને વેપારમાં જોડાયેલી સમાજની બહેનોને ઉત્તેજન આપવા કચ્છી વીશા ઓશવાળ સ્થાનકવાસી જૈન સમાજ મુંબઈ સંચાલિત નારી ઉત્કર્ષ સમિતિ દ્વારા પ્રથમવાર ફુડ ફેસ્ટિવલ ફિએસ્ટાનું આયોજન કરાયું. જેમાં ૮૦થી વધુ ફૂડ અને કિચન એપ્લાયન્સીસના સ્ટોલ હતા. વ્યાવસાયિક બહેનોને માર્ગદર્શન આપવા ફૂડ લાઈસન્સ કેમ મેળવું, રજીસ્ટ્રેશન કેમ્પ કરાવવું, ટ્રેડ માર્ક તથા ફૂડ પર જી.એસ.ટી. વિશે શ્વેતા પ્રતીક છેડાને માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત ફૂડ એક્ષ્પર્ટ, હોમશેફ અને ફૂડ બ્લોગરના માર્ગદર્શન સેમિનાર યોજાયા હતા.

● તામિલનાડુ રાજ્યના અગ્રસચિવ અપૂર્વ વર્મા પરિવાર સાથે વિશ્વ વિખ્યાત નિરોણાની રોગાન કલાને નિહાળી ખુશી વ્યક્ત કરી હતી. રોગાન કલાના સિધ્ધ હસ્ત માસ્ટર પદ્મશ્રી એવોર્ડ વિજેતા ગફુરભાઈ ખત્રીએ સચિવ સમક્ષ રોશન કલાના નિદર્શન સાથે રોગાનની સંઘર્ષ ગાથા વર્ણવી હતી. સચિવશ્રીએ રોગાન કલાને લુપ્ત થતી બચાવવા બદલ આ કસબીને અભિનંદન પાઠવ્યા હતા.

● મૂળ અંજારના અને અમદાવાદમાં સ્થાયી થયેલ. મેકેનિકલ એન્જિનિયરની ડિગ્રી મેળવી ભારત બેન્ઝ કંપની માં વાર્ષિક સાડા સાત લાખનું પેકેજ છોડી કંઈ નવું કરવું ની ભાવનાથી બે વર્ષ પહેલા એસ.જી.હાઈવે પર કર્ણાવતીમક્લબ સામે, કચ્છી દાબેલીનો ઓરિજનલ સ્વાદ પીરસી ખૂબજ ઝડપથી લોકપ્રિયતા મેળવનાર અને ન્યૂટ્રિશનથી ભરપુર મી કચ્છી દાબેલીનો ચટકો લગાડનાર હાર્દિક આહિરને દાબેલીને તેના યુનિક ટેસ્ટના કારણે 'મેક ઈન ઈન્ડિયા' એવોર્ડ અપાયો.

● ગત સપ્ટેમ્બર માસ દરમ્યાન રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી ટાંકણે કરવામાં આવેલ મોજણી મુજબ આવેલ આંકડાઓ પ્રમાણે કચ્છમાં ૧૪ હજારથી વધુ બાળક કુપોષણથી પીડાતા હોવાનું જણાવ્યું છે. ઠીંગણા પણું પાતળા પણું અને ઓછા વજનના માપદંડથી આ આંકડો સામે આવ્યો છે. મોબાઈલથી ઓનલાઈન મોજણી પ્રમાણે ૩૭૬૫ બાળકો અતિ કુપોષિત અને ૧૦૧૬૯ મધ્યમ કુપોષિતનો સાચો આંકડો મળ્યો છે.

● વિકલાંગ વિદ્યાવિહાર સંચાલક નવચેતન અંધજન મંડળ માધાપર ખાતે જાણીતી કંપનીઓ એનજીસીના સીએસ આર ફંડમાથી કચ્છના ૩૩૪ જેટલા પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓને મોબોલિટી ટોર્ચ આઈટી વિનામૂલ્યે આપવામાં આવ્યા. આ સાધન દ્વારા પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિના હાથમાં અથવા સફેદ લાકડીમાં ફીટ થયા બાદ ૮ ફૂટ, ૬ ફૂટ અને ૨ ફૂટના અંતરેથી સેન્સર અવરોધ ડિટેકટ કરી વાયબ્રેશન દ્વારા એલર્ટ કરે છે. પરિણામે તેઓ અથડાયા વિના સુરક્ષિત રીતે એક સ્થળેથી બીજા સ્થળે થઈ શકે છે. આ કેમ્પમાં કચ્છના ૧૦ તાલુકાંથી ૫ વર્ષથી ૬૦ વર્ષ સુધીના પ્રજ્ઞાચક્ષુઓ ભાગ લીધો હતો.

● ૭૧મા પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ કેન્દ્ર સરકાર દ્વારા દેશના સર્વોચ્ચ ઈલ્કાબ ગણતા પદ્મશ્રી સન્માન કચ્છી સાહિત્ય સર્જક નારાયણ જોશી કારાયલને આપવાનું એનાયત કારોની યાદીમાં સમાવિષ્ટ કર્યું છે તો કચ્છમાં નાગરિક સંરક્ષણ વોર્ડને સેવાના ફાયર પાર્ટીના લીડર તરીકે ૪૦ વર્ષથી સેવા આપતા વિભાકરભાઈ એન.અંતાણીને નાગરિક સંરક્ષણનો રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત કરવાની ભારત સરકાર તરફથી જાહેરાત કરાઈ છે. આ અગાઉ ૨૦૧૭ના ૨૬ જાન્યુઆરીએ હોમગાર્ડમાં ૩૦ વર્ષની લાંબી સેવા આપવા બદલ મુખ્યમંત્રી એવોર્ડ મળ્યો હતો.

# જીવન ઘટમાળ

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૦૨.૨૦૨૦ | થાણે | ઉત્તીન રાજેશ વીરચંદ ધરમશી | સુથરી | ૩૧ |
| | જલગાંવ | ઉર્વિકા અશોક નારણજી નાગડા | જખૌ | ૩૦ |
| ૨૫.૦૨.૨૦૨૦ | મુલુંડ | ડેવીન હંસકુમાર દામજી મૈશેરી | લાલા | ૩૨ |
| | મસુર | સ્નેહા ખીરેશ ગોવિંદજી ધરમશી | છાદુરા | ૩૨ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪.૦૨.૨૦૨૦ | અંધેરી | વીરલ મહેન્દ્ર ડુંગરશી શાહ (કકા) | ભુજપુર | ૨૭ |
| | મુલુંડ | વારીજા જયેશ ધનજી ભેદા | વારાપધર | ૨૪ |
| ૦૯.૦૨.૨૦૨૦ | વડોદરા | નયન કમલેશ આણંદજી દંડ | સાંધવ | ૩૫ |
| | ડોમ્બીવલી | લક્ષ્મી સુરેશભાઈ કુસારકર | સોનાઈ | ૩૪ |

## આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૦૨.૨૦૨૦ | મુલુંડ | ભાવિન ચંદ્રકાંત ભવાનજી લાપસિયા | રંગપુર | ૨૮ |
| | ઘાટકોપર | ભવિતા સુરેશ ગોપાલજી ઠક્કર | ઘાણીથર | ૨૭ |

## જ્ઞાતિ લગ્ન છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦.૧૦.૨૦૧૯ | મુલુંડ | અંકુર નીતિન શાહ (ડાઘા) | વરાડિયા | ૨૯ |
| | બડગરા | અદિતિ વીરચંદ મોતા | નલિયા | ૨૯ |


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

## शुरु किजिए
## गृहिणी से बिजनेसवुमन बनने का सफर

अब आप अपने मनचाहे समय पर काम करने की सुविधा के साथ अपने काम और घर के बीच संतुलन बना सकती है।

हमारे साथ मिलकर आपके लिए अपना बिजनेस शुरु करने का अनोखा मौका यहाँ है।





## તમારા જીવનની બીજી ઈનિંગ્સ શરૂ કરો બિઝનેસની અનોખી તક સાથે.

જો તમે નિવૃત્ત હો તો પણ
હવે તમે આવક મેળવી શકો છો.
આત્મનિર્ભર બનવાની તમારા માટે
આ અનોખી તક છે.



## NO TARGETS, NO DEADLINES, ONLY ENDLESS OPPORTUNITIES TO EARN, WITH FLEXIBLE TIMINGS

Here is your opportunity to fulfill all your wishes and dreams by investing few hours in a day

## One Opportunity Many Benefits

- Fixed Salary
- Unlimited Income
- PF & ESI Benefits
- Part-time / Full-time Opportunity
- International Conventions

**Give more to life**

**For details**
**Contact : 8850840380**




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO